# 8. ગઢને હોંકારો તો કાંગરાય દેશે...



રમેશ પારેખ

જન્મ : ઈ.સ. ૧૯૪૦ મૃત્યુ ઈ.સ. ૨૦૦૬

રમેશ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયો હતો. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં મુખ્ય ધારાના અગ્રગણ્ય કવિ રહ્યા છે. તેઓએ અનેક પ્રકારની છાંદસ, અછાંદસ કવિતા, ગીત, ગઝલ, સૉનેટ, બાળગીત, કથા વાર્તા, નાટક.. સહિત સાહિત્યમાં ખેડાણ કરીને અદ્યતન સંવેદનાની અભિવ્યક્તિમાં આગવું રૂપાંતર સાધી તેમણે કવિતામાં પોતીકી ઓળખ ને અવાજ ઊભો કર્યો છે. અનેક માન-સન્માનથી વિભૂષિત આ કવિના ‘છ અક્ષરનું નામ’, ‘ક્યાં’, ‘ખડિંગ’, ‘મીરાં સામે પાર’ વગેરે મહત્ત્વના પુસ્તકો છે.

આ ગીત કાવ્ય છે. ગીતથી જ કવિતાનો અને સાહિત્યમાત્રનો આરંભ થયો છે એમ મનાય છે. શબ્દોની સરળતા અને લયમધુરતા એ ગીતનું અગત્યનું લક્ષણ છે. ગીતના અનેક પ્રકાર પૈકી આ દેશભક્તિ વ્યક્ત કરતું ગીત છે. ગીતનું આવું વૈવિધ્ય ગીત માણવા સાથે જાણવાની ભૂમિકા પણ સુપેરે ભજવતું હોય છે.

કવિ ઐતિહાસિક કથાનક લઈ ગીત રચના કરે છે. મેવાડ - રાજસ્થાનની કવિયત્રી મીરાંબાઈ રાજમાં રહી કૃષ્ણભક્તિ કરે તે રાણાને ગમતું નથી. છેવટે મીરાંબાઈ રાજ છોડીને નીકળી જવામાં છે અથવા જ્યારે મેવાડ છોડવાની છે કે છોડશે તે પછી રાણાની હાલત કેવી થશે તેની કવિએ સુપેરે પ્રસ્તુતિ કરી છે. ગઢને હોંકારો તો ગઢના કાંગરા દેશે પણ રાણા તને હોંકારો કોણ દેશે ? મીરાંબાઈને દૂરદૂરથી કહેણ આવ્યા છે એટલે દ્વારકાધીશ કૃષ્ણ – જે તેમનો વાલમ છે, તેનાં સાથે નયન જોડશે... છેલ્લે તો લેણદેણ તૂટ્યાની વાત અને મીરાંબાઈ વિનાનું સુખ ઘેરી ને રૂંવે રૂંવેથી તોડશે... આવી પંક્તિઓ દ્વારા કવિ ગીત રચનાને એક અનેરી ઊંચાઈ આપે છે.

---

ગઢને હોંકારો તો કાંગરાય દેશે,  
પણ ગઢમાં હોંકારો કોણ દેશે ?  
રાણાજી, તને ઉંબરે હોંકારો કોણ દેશે ?

આઘેઆઘેથી એને આવ્યાં છે કહેણ,  
જઈ વ્હાલમશું નેણ મીરાં જોડશે,  
હવે તારો મેવાડ મીરાં છોડશે.

આઠે અકબંધ તારા ભીડ્યા દરવાજાનાં ફૂલ જેમ ખૂલશે કમાડ,  
વેગીલી સાંઢણીઓ વહી જાશે દૂર મૂકી ધૂળ મહીં ઊડતો મેવાડ,

કિનખાબી પહેરવેશ કોરે મૂકીને મીરાં;  
કાળું મલીર એક ઓઢશે.  
હવે તારો મેવાડ મીરાં છોડશે.

પાદરેથી રસ્તાઓ પાછા વળશે રે લઈ લેણદેણ તૂટ્યાનું શૂળ,  
ડમરી જેવું રે સહેજે ચડતું દેખાશે પછી મીરાં વીખરાયાની ધૂળ,

મીરાં વિનાનું સુખ ઘેરી વળશે ને રાજ;
રૂવે રૂવેથી તને તોડશે.
હવે તારો મેવાડ મીરાં છોડશે.

## ટિપ્પણી

**હોંકારો** - 'હં', 'હા', 'કહેવું તે', સંમતિ સૂચક અવાજ **કહેણ** - વેણ, વચન **નેણ** - નયન **અકબંધ** - જેમનું તેમ, વગર ખોલેલું **કમાડ** - બારણું **વેગીલી** - વેગવાળી **કિનખાબી** - જરીબુટ્ટાના વણાટનું એક જાતનું કાપડ **કોરે મૂકીને** - બાજુએ મૂકીને **કાળું મલીર** - ઝીણા પોતનું અને કાળા રંગનું વસ્ત્ર **પાદર** - ભાગોળ આગળનું મેદાન, ભાગોળ **લેણદેણ** - લેવડ દેવડનો સંબંધ **શૂળ** - (અહીં) દુઃખ, દર્દ થવું **રૂંવું** - શરીર ઉપરનો નાનો વાળ, રુવાંટું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ રાણાજીને શું પૂછે છે ?
2. મીરાંબાઈને ક્યાંથી કહેણ આવ્યું છે ?
3. મીરાંબાઈ કેવાં વસ્ત્રો પહેરવાનું પસંદ કરશે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. મીરાંબાઈ શા માટે મેવાડ છોડી જવાનું કહે છે ?
2. મીરાંબાઈ મેવાડ છોડશે ત્યારે દરવાજા પર શી અસર થશે ?
3. મીરાંબાઈ મેવાડ છોડી જશે ત્યારે રાણાજીને શું-શું દેખાશે ?
4. મીરાંબાઈના ગયા પછી રાણાજીની સ્થિતિ કેવી થશે ?

**પ્રશ્ન 3. મીરાંબાઈએ રાણાજીને મોકલેલો સંદેશ કાવ્યને આધારે રજૂ કરો.**

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિનો ભાવાર્થ લખો.**

આઠે અકબંધ તારા ભીડયા દરવાજાનાં ફૂલ જેમ ખુલશે કમાડ
વેગીલી સાંઢણીઓ વહી જાશે દૂર મૂકી ધૂળ મહીં ઊડતો મેવાડ

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

ફૂલ, રસ્તો, શૂળ, કહેણ

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

દૂર, સુખ, બંધ, કાળુ

**આટલું કરો**

1. કાવ્યનો આધાર લઈ મીરાંબાઈનો એકપાત્રીય અભિનય રજૂ કરો.
2. મીરાંબાઈ રાણાજીને સંદેશો મોકલતા હોય, તેમ આ કાવ્યનું પત્રમાં રૂપાંતર કરી વર્ગખંડમાં વાંચન કરો.
3. મીરાંબાઈના કોઈ ત્રણ કાવ્યો તમારી નોંધપોથીમાં લખો.

•